ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ચાલુ બસે પેટે ચપ્પુ ધરીને બે વર્ષના બાળકને ઉપાડી જવાનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદ-ગાંધીનગર રૂટની એસ.ટી. બસમાં ગઈકાલે મોડી સાંજે ગાંધીનગરના સે. ૧૨ની મહિલાનું ૨ વર્ષનું બાળક ઉપાડી જવાના પ્રયાસનો ચોંકાવનારો કિસ્સો બનવા પામ્યો હતો. એસ.ટી. બસમાં અપંગ જેવો એક વ્યક્તિ મહિલાની બાજુ સીટમાં આવીને બેસી ગયો અને બાળકના પેટે ચપ્પાની અણી મુકી મહિલાને ચુપ કરી દીધી હતી. ગાંધીનગર ડેપોમાં બીજી વ્યક્તિને બોલાવી લેવા તે શખ્સે ફોન કર્યો ત્યાં સુધીમાં મહિલાએ હિંમત દાખવીને પોતાના બાળકને આંચકી લીધો હતો અને બાળક લઈ પા.છ.ળ.ના. ગેટેથી રીક્ષામાં બેસી ગઈ પોતાનો અને બાળકનો જીવ બચાવી ઘરે પહોંચી ગઈ હતી જો કે આ ચોંકાવનારી ઘટના સંદર્ભે મહિલાએ પોલીસ ફરીયાદ કરવાનં ટાળ્યું હતું.

અમદાવાદ-ગાંધીનગર રૂટની એસ.ટી. બસમાં બનેલો ચોંકાવનારો કિસ્સો સે. ૧૨માં રહેતી મહિલાએ પોતાના પુત્રને હિંમત દાખવીને બચાવી લીધો

ગાંધીનગર શહેરના સે. ૧૨માં રહેતી એક મહિલા ગઈકાલે પોતાના ૨ વર્ષના બાળકને લઈને અમદાવાદ ગઈ હતી. મોડી સાંજે ઘરે પરત ફરવાં તે મહિલા અમદાવાદ-ગાંધીનગર રૂટની એસ.ટી. બસમાં સાબરમતી બસ સ્ટેન્ડથી બેસી ગઈ હતી. દરમ્યાન મહિલાની બાજુની સીટમાં મુસાફરના સ્વાંગમાં એક અપંગ જેવો વ્યક્તિ આવીને બેઠો. થોડીવાર રહીને તે શખ્સે ૨ વર્ષના બાલકના પેટ આગળ ચપ્પુ ધરી દીધુ અને મહિલાને કહ્યું કે કાંઈ બોલીસ તો બાળકને જાનથી મારી નાંખીશ. ધમકીને વશ થઈને મહિલા ચુપ રહી. થોડીવારમાં ગાંધીનગર એસ.ટી. ડેપો આવી જતાં ગભરાયેલી મહિલા બસમાંથી ઉતરી અને બાળકને લઈને બાળક ઉઠાવવા આવેલો શખ્સ ઊતર્યો. દહેગામ જવાના પ્લેટફોર્મ પાસે ઉભો રહીને કોઈ અન્ય શખ્સને બોલાવવા મોબાઈલથી કોલ કરી રહ્યો હતો તેટલામાં ૨ વર્ષનું બાળક રડવા લાગતા મહિલાએ તેને કહ્યું કે મોબાઈલ રમવા આપશો તો મારો દિકરો ચુપ થઈ જશે. જેથી મહિલાએ બુદ્ધિપૂર્વક આપેલો સુઝાવ તે શખ્સના ગળે ઉતરી ગયો અને મોબાઈલ બાળકને આપ્યો. તક મળતા જ મહિલાએ પોતાના બાળકને તે શખ્સના સકંજામાંથી આંચકી લીધો. ડેપોના પાછળના દરવાજા તરફ દોડી ગઈ. રિક્ષામાં બેસીને સે. ૧૨માં પોતાના ઘરે પહોંચી ગઈ. પરિવારજનોને સમગ્ર બાબત અંગે જાણ કરતાં તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. જો કે આ મામલે મહિલા કે તેણીના પરિવારજનોએ પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ કિસ્સો અત્યંત ચોંકાવનારો કહી શકાય. બસમાં મહિલાને મળેલો શખ્સ બાળક ઉઠાવવાના જ ઈરાદે આવ્યો હતો કે અન્ય કોઈ ઈરાદે તે અંગે પોલીસે ખાનગી રાહે તપાસ કરવી જરૂરી છે. જો બાળક ઉઠાવતી ટોળકી આ મોડ્સ ઓપરેન્ડી શરૂ કરી બેઠી હોય તો બાળક અને મહિલા મુસાફરોની સલામતી પર પણ પ્રશ્નાર્થ મુકાય તેમ છે !!

ગણેશ વિસર્જનના ત્રીજા દિવસે અનેક મંડળો અને વસાહતીઓ દ્વારા સાબરમતીના કિનારે ગણપતિની પ્રતિમાના વિસર્જનના કાર્યક્રમો યોજાયા હતા. ભાવપૂર્વક યોજાતા આ પ્રસંગો ગણપતિબાપા પ્રત્યેની અપાર શ્રદ્ધાની અભિવ્યક્તિનો સ્પર્શ કરાવે છે.

(તસવીર : દિપક જાની)

સૃષ્ટિનો અદભૂત નજારો - સૃષ્ટિના સૌંદર્યને માણવા માનવતા માટે દૃષ્ટિ અનિવાર્ય છે. વૃક્ષોની લીલી-સૂકી ડાળીઓ પર ફૂંપળોની સાથે પક્ષીઓનો કલરવ પણ જોડાયેલો છે. સૃષ્ટિના વાતાવરણમાં કલરવનો મહિમા છે. પક્ષીઓની ઉડાઉડ વૃક્ષોની શોભા બને છે. પક્ષીઓ અને વૃક્ષો પ્રકૃતિની અનોખી ભેટ છે....

ઉદ્યોગભવન પાસે ટ્રાફિક નિયમનના અભાવે માર્ગ સલામતી જોખમાઈ

ભવનમાં એન્ટ્રી અને એકઝીટનો ગેટ બદલાતા વાહનચાલકો રોંગ સાઈડમાં ઘુસે છે : વિઝીટર્સ સિકયુરીટીને સહકાર આપતા નથી

ગાંધીનગર, તા. ૨૬

સ્વર્ણિમ પાર્કની કામગીરીને અનુલક્ષી ઉદ્યોગભવનમાં એન્ટ્રી અને એકઝીટના ગેટ બદલાયા છે. ઘ-૪ વિસ્તારમાં ટ્રાફીક જામ અને અકસ્માત નિવારવા ગેટ નં.-૧ બંધ કરી મુલાકાતીઓને ગેટ નં. ૨ થી પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ ભવનના પ્રવેશદ્વારે ફરજ બજાવતા સિકયુરીટી ગાર્ડને નાગરિકો સહકાર ન આપતા આ વિસ્તારમાં માર્ગ સલામની જોખમમાં મુકાઈ છે.

શહેરના મધ્ય વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની કામગીરીને અનુલક્ષી વિશાળકાય ઉદ્યોગભવન સંકુલમાં પ્રવેશ માટેની વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ઘ-૪ થી ચ-૪ તરફ જવાના રૂટમાં સ્થિત ઉદ્યોગભવનના ગેટ નં.૧ને બંધ કરી દેવાયો છે. જયારે હાલની વ્યવસ્થા મુજબ, મુલાકાતીઓને ફકત ગેટ નં-૨ મારફતે પ્રવેશ આપવામાં આવે છે તેમજ ગેટ નં. ૩ અને ૪નો એકઝીટ માટે ઉપયોગ કરવામાં આવે છે. ઉદ્યોગભવન સંકુલમાંથી બહાર નીકળતા ઘ-૪ વિસ્તારમાં કોઈ રોંગ સાઈડમાં પ્રવેશ ન કરે તે માટે આ વ્યવસ્થાને અનુલક્ષી ગેટ ઉપર ઉદ્યોગભવન સોસાયટી દ્વારા સિકયુરીટી ગાર્ડને પણ ફરજ સોંપવામાં આવી છે. આમ છતાં નાગરિકો સિકયુરીટીને સહકાર ન આપતા રોજબરોજ આ વિસ્તારમાં ટ્રાફિક સેન્સનો ભારોભાર અભાવ વર્તાય છે. ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિક જામની વચ્ચે ઘણીવાર નાના-મોટા અકસ્માતો પણ સર્જાય છે. આવા સંજોગોમાં ખાસ કરીને પીક અવર્સ દરમિયાન ટ્રાફિક પોલીસનો વિશેષ પહેરો ગોઠવવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે જે. એ. દવે નિમાયા

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આવતાં જ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી પંચાયતની જગ્યાને સજીવન કરી અને ત્યાં દાહોદના શ્રી જે.એ. દવેની નિમણુંકના હુકમો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર(દ)ની બેઠકના ચૂંટણી અધિકારી તરીકે તેઓ હવે ફરજો બજાવશે. આ ઉપરાંત હાલના નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શામળાઈ પટેલની બદલી કરી તેમને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ, મહેકમ) તરીકે મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની રચના ૧૯૭૬માં થઈ ત્યારબાદ પંચાયતમાં બે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની જગ્યા મંજૂર થઈ હતી પરંતુ તે ભરવામાં આવની ન હતી. લોકસભાની ચૂંટણી વખતે પણ નાયબ જિલ્લા વિકાસ અધિકારી પંચાયતની જગ્યા ભરવામાં આવી ન હતી અને તત્કાલીન ના.જિ.વિ. અધિકારીએ જ ચૂંટણી અધિકારી તરીકે ફરજો બજાવી હતી. આ વખતે ચૂંટણી પંચના આગ્રહને વશ થઈ આ જગ્યા ભરવામાં આવી છે.

શ્રી દવેહાલ દાહોદ જિલ્લામાં ફરજો બજાવી રહ્યા છે અને તેઓ એકાદ-બે દિવસમાં જ પોતાની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લેશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચૂંટણી અધિકારી તરીકે નિમાતાં પંચાયતના કામો પર વિપરીત અસરો થઈ રહી હોવાની રજુઆત પણ સરકારમાં કરવામાં આવી હતી.

આ ઉપરાંત વન ડે વન ડીસ્ટ્રીક્ટ અંતર્ગત નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ઉભી કરવા માટે તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી અવંતિકાસિંઘ ઓલખે પણ સરકારમાં રજુઆતો કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ન્યૂ ગાંધીનગરના વિસ્તારોમાં ડસ્ટબીન વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. ગુડાના ચેરમેન અશોક ભાવસારના વરદ હસ્તે વસાહતીઓને વિના મૂલ્યે ડસ્ટબીન વિતરણ કરાયા હતા.

શહેરના ૬ બગીચાઓમાં રમતના નવા સાધનો મુકાશે

રમત-ગમતના તુટેલા સાધનો પણ બદલાશે : ૫ લાખનો ખર્ચ

ગાંધીનગર, તા. ૨૬

શહેરના ૬ બગીચાઓમાં બાળકો માટે આનંદ-પ્રમોદના નવા સાધનો મુકવામાં આવશે. હીંચકા, લપસણી અને ઉચ્ચાલન સહિતના સાધનો મુકવા અંદાજિત રૂ. ૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં હરિયાળા વૃક્ષોનું નિકંદન વળતુ હોવાનો આક્રોશ પ્રકૃતિપ્રેમીઓમાં પ્રબળ બન્યો છે. વિકાસના નામે વૃક્ષછેદનની પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો છે. ત્યારે નગરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવામાં પણ તંત્ર દુર્લક્ષ્ય સેવી રહ્યું હોવાનું સ્પષ્ટ થયું છે. શહેરમાં અંદાજિત પ૦ જેટલા પબ્લીક ગાર્ડન પૈકી ઘણા ખરા બગીચાઓમાં લાઈટ તેમજ જરૂરી સાધનો ઉપલબ્ધ ન હોવાથી આ ઉદ્યાનો બિસ્માર હાલતમાં આકર્ષણ વિહોણા ભાષી રહ્યા છે. જાહેર બગીચાઓની જાળવણી માટે બાગાયતતંત્ર પાસે પર્યાપ્ત માળી ઉપલબ્ધ નથી. જ્યારે નગરના કેટલાક બગીચાઓમાં રમતગમતના પર્યાપ્ત સાધનો ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ સ્થિતિને અનુલક્ષી બાગાયત તંત્ર દ્વારા સે. ૨,૧૬ અને સે. ૧૨ના બગીચામાં ખૂટતા સાધનો મુકવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે સે. ૨૦, ૨૧ અને સે. ૩૦ના જાહેર બગીચામાં પણ સાધનો તુટેલી હાલતમાં હોવાનું માલુમ પડતા તંત્ર દ્વારા હીંચકા, લપસણી અને ઉચ્ચાલન સહિતના નવા સાધનો મુકવામાં આવનાર છે. ઉદ્યાનોને નવા સાધનોથી સજ્જ કરવા અંદાજિત રૂ. ૫ લાખનો ખર્ચ કરવામાં આવનાર છે.

સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે ગાંધીનગરની પહેલ

ગાંધી જયંતિના દિવસે ગાંધીનગરની જનતા સાયકલ મહાયાત્રામાં ઉમળકાભેર જોડાશે

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ગેઝીયાના ઉપક્રમે ગાંધીનગરમાં 'અઠવાડીયે એકવાર સાયકલ ચલાવો'નું અભિયાન આરંભાશે : 'પર્યાવરણ મિત્ર'ને લકી ડ્રો દ્વારા સાયકલ ઈનામમાં આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર અવનવાં કાર્યક્રમો દ્વારા રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ એનું નામ રોશન કરતું રહે છે... પેટ્રોલનાં ભડકે બળતાં ભાવ, કપાતાં જતાં વૃક્ષોથી પર્યાવરણને ખતરો અને શારિરીક ક્ષમતાને ટકાવી રાખવાનાં સજ્જડ ઉપાય તરીકે સાયકલ ચલાવવી એ શ્રેષ્ઠ વિકલ્પ છે. વિશ્વનાં ઘણાં દેશોએ સાયકલ ચલાવવાનું અભિયાન છેડી ઈકોનોમીની સાથે પર્યાવરણ બચાવવાની મોહિમ ચલાવી છે...

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ગેઝીયાના ઉપક્રમે ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિના પાવન અવસરે એક ભવ્ય સાયકલ મહાયાત્રાનું આયોજન હાથ ધરાયું છે. ગાંધીનગરની જનતા સાયકલ ચલાવવાં તરફ આકર્ષાય અને ઓછામાં ઓછું અઠવાડીયે એકવાર સાયકલ ચલાવી પેટ્રોલ, પર્યાવરણ અને પ્રકૃતિને બચાવવામાં સહભાગી બને એવાં અભિયાનની શરૂઆત આ દિવસથી થશે.

સાયકલ યાત્રામાં ભાગ લેવા માટેનાં ફોર્મ ગાંધીનગરનાં અગ્રગણ્ય દરેક દૈનિક અખબારોમાં પ્રકાશીત કરવામાં આવ્યાં છે, એ સિવાય આ ફોર્મ ગેઝીયા ઓફિસ, ફિઝીયોથેરપી સેન્ટર સે. ૨૨, વિપુલ સાયકલ સ્ટોર્સ સે. ૨૨, ઈગલ ન્યૂઝ, ગાંધીનગર સમાચાર, શિવશક્તિ સાયકલ સ્ટોર્સ

● અનુસંધાન પાન-૭ પર

MOTOR ACCIDENT CLAIMS
JURISDICTION, MUMBAI

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com